એક્સ્ટેન્શન વિભાગ: વર્ષ 2025નાં કાર્યક્રમોની યાદી તથા અહેવાલ

તારીખ: 05/01/2025 (પ્રારંભ તારીખ)

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં હવે પ્રાકૃતિક ખેડૂત હાટનો પ્રારંભ

શહેરની જાણીતી સંસ્થા સૃષ્ટિ ઇનોવેશન સાથે સહયોગ કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પોતાના પ્રાંગણમાં 5 જાન્યુઆરીથી દર રવિવારે સવારે 7થી 10 માં (ત્રણ કલાક) શાકભાજીનું વેચાણ કેન્દ્ર શરૂ કરવા નિર્ણય લીધો છે. વેરીફાઈડ ખેડૂતોને પ્રાકૃતિક શાકભાજી અને ખેતપેદાશો વેચવા માટે અહી તક મળશે. આ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સીધા ગ્રાહકોને પોતાની પેદાશોનું વેચાણ કરશે.

અત્રે ઉલ્લેખની એ છે કે અમદાવાદમાં નવજીવન પ્રેસ, સોલા ભાગવત વિદ્યાપીઠ પરિસરમાં, આત્મવિ વિકાસ- પલોડીયા અને સૃષ્ટિ સંસ્થા; એમ ચાર સ્થળે દર રવિવારે સવારે ત્રણ કલાક સૃષ્ટિ પ્રાકૃતિક ખેડૂત હાટ યોજાય છે. હવે આ પાચમાં સ્થળે શહેરમાં શાકભાજી ખરીદવા માટે ગ્રાહકોને સુવિધા થશે.

સૃષ્ટિ સંસ્થા છેલ્લા 35 વર્ષથી ટકાઉ ખેતી, પરંપરાગત જ્ઞાન, અને રૂરલ ઇનોવેશનના કામ સાથે સંલગ્ન છે, આ સંસ્થા ખેડૂતોના ખેતરનું 40 ઇન્ડિકેટર થી ફાર્મ વેરીફીકેશન કરીને ઝેરમુક્ત ખેતી કરતા ખેડૂતોની પસંદગી કરે છે. હાલ અમદાવાદમાં ચાર સ્થળે જે ખેડૂત હાટ ભરાય છે, તેમાં દર રવિવારે લગભગ દસ લાખ રૂપિયાની પ્રાકૃતિક ખેત પેદાશોનું ખેડૂતો દ્વારા વેચાણ થાય છે! હવે છારોડી સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિસરમાં પણ હાટ શરૂ થતાં, આસપાસના વિસ્તારની સોસાયટીઓના રહીશોને પણ ઘર આંગણે પ્રાકૃતિક શાકભાજી, ખેત પેદાશો ખેડૂતો પાસેથી ખરીદવાની તક મળશે.

સૃષ્ટિ સંસ્થા સમગ્ર ખેડૂત હાટ નું સંયોજનનું કામ કરે છે. દર શનિવારે પેદાશનું નામ અને ભાવ ગ્રાહકોના ગ્રુપમાં whatsapp ના માધ્યમ થી મોકલવામાં આવે છે.

સંપૂર્ણ પારદર્શી રીતે આખી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દેશમાં પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે સરકાર અથાગ પ્રયત્નો કરી રહી છે ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પણ પોતાના પ્રાંગણ માં દર રવિવારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે ખુલ્લા મુક્યા છે. આ પહેલથી ખેડૂતોને તો ફાયદો થશે જ પણ.. સ્થાનિક જે ગ્રાહકો આ શાકભાજી ખરીદશે અને અને આરોગશે એમનું સ્વાસ્થ્ય પણ સુધરશે. આપણા સ્વાસ્થ્યનો આધાર તો આહાર જ છે, અને એ આહાર જો પ્રાકૃતિક હોય, ઝેરમુક્ત હોય, ઓર્ગેનિક હોય તો ચોક્કસ આપણું સ્વાસ્થ્ય સારું રહેશે. ખેડૂત હાટના ખેડૂતોની પસંદગી સૃષ્ટિ સંસ્થા કરે છે જેમાં ફાર્મ વેરિફિકેશન અને સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ સાથે કામ કરવામાં આવે છે.

ટુંકમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો અને જાગૃત ગ્રાહકોને એક મંચ પૂરો પાડવાનું કામ સૃષ્ટિ સંસ્થા કરે છે. હવે લોકહિતના આ કામમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પણ જોડાઈ છે.

અમારા વિદ્યાર્થીઓ પણ હર્બલ અને ઇકો ફ્રેન્ડલી કોઈ નવીન ઉત્પાદનો બનાવશે તો તેઓને પણ અહીં એક વેચાણ માટે પ્લેટફોર્મ મળવાની શક્યતા છે. ખેડૂતો અને ગ્રાહકો બંને પાસેથી અમારા વિદ્યાર્થીઓને શીખવાની તક મળશે. આ અભિગમ ને શૈક્ષણિક સ્વરૂપ આપવા યુનિવર્સિટી કટિબદ્ધ છે.

તારીખ: 12 જાન્યુઆરી 2025

12 જાન્યુઆરી,2025 સ્વામી વિવેકાનંદજીના જન્મદિન નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.)અમી ઉપાધ્યાયજી મેડમના માર્ગદર્શનમાં એક્ષટેન્શન એક્ટીવીટી સેલ, ગ્રંથાલય વિભાગ અને પરફોર્મિંગ આર્ટસના દિગીશભાઇ વ્યાસના સહયોગથી 'વિવેકાનંદ લાયબ્રેરી'માં પુષ્પાંજલિ અને પુસ્તક પ્રદર્શનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સદર કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ.એ.કે.જાડેજા, મદદનીશ કુલસચિવશ્રી ડૉ. ભાવિન ત્રિવેદી તેમજ તમામ નિયામકશ્રીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણિકના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત કુલસચિવશ્રી અને પ્રો. ડૉ.યોગેન્દ્ર પારેખ , પ્રા દિગીશ વ્યાસ, ડૉ . દીપ્તિબા ગોહિલ , ડૉ કૃતિ છાયા તથા ડૉ.નીતુ કનારા દ્વારા સ્વામી વિવેકાનંદ વિશે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ બાદ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.તેમના નિર્ણાયક તરીકેની સેવા કૃતિબેન છાયા અને નિગમભાઈ પંડ્યા દ્વારા આપવામાં આવી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓનું પુસ્તક ભેટ દ્વારા સન્માન કરવામા આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ.નીતુ કનારા દ્વારા કરવામાં આવ્યું હતું.

નીચે મુજબના વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયા હતા:

૧) કેયુર રાવલ

૨) નવધા જોશી

૩) અનીશા ઝાલા

તારીખ: 13 જાન્યુઆરી 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે માનનીય કુલપતિ શ્રી પ્રો ડો અમીબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદજીની 162મી જન્મ જયંતિ નિમિત્તે 'રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા' વિષય પર ડૉ. કમલેશ ઉપાધ્યાયજી પ્રાંત સંચાલક ગુજરાત, વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારીના વ્યાખ્યાનનુ આયોજન ગૌતમ હોલમાં કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન સંબોધતા ડૉ. કમલેશ ઉપાધ્યાયજી 'રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા' વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા તેમજ આધુનિક ભારતમાં સ્વામી વિવેકાનંદજીના વિચારો કઇ રીતે આજના ભાગદોડ ભરેલા જીવનમાં ઉપયોગી થઈ શકે તેની સરળ સમજુતી આપી હતી. આ તકે માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબેન ઉપાધ્યાયએ જણાવ્યું હતું કે વિવેકાનંદ હોય ત્યાં આપણે બધા શુન્ય થઈ જાય છે જેથી સમાજમાં વિવેકાનંદજી હોવા જરૂરી છે જેથી પોતાના જીવનમા વિવેકાનંદજીના વિચારો ઉતારી સમાજના વિકાસમાં લઇ જઈ શકાય છે તેમજ આધુનિક ભારતમાં યુવાનોની ભુમિકા વિશે તેમજ સ્ત્રી શકિતકરણ વિશેના વિવેકાનંદજીના વિચારો પ્રગટ કર્યો હતા તેમજ વીર સાવરકર અને મદનલાલ ધિંગરાની દેશભકતીની યાદ અપાવી અને ભારતીય સંસ્કૃતિ વિશે પોતાના વિચારો રજુ કર્યો હતા. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના રજીસ્ટરશ્રી એ. કે. જાડેજા સાહેબ આસિસ્ટન્ટ રજીસ્ટરશ્રી ભાવિન ત્રિવેદીસાહેબ તેમજ તમામ વિભાગના નિયામકશ્રીઓ પ્રોફેસર તેમજ તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ તકે

યુનિવર્સિટીમાં પબ્લિક રિલેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રીરાજેશ ભજગોતરને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા 'મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર' એવોર્ડ મળતા યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનુ સંચાલન ડૉ.દિગીશ વ્યાસ અને આભાર વિધિ ડૉ. નિતુ કનારા એ કર્યું હતું.

03 ફેબ્રુઆરી 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિસર ખાતે વસંત પંચમીની ઉજવણી

આજરોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિસર ખાતે વિવેકાનંદ લાઇબ્રેરીમાં વસંત પંચમીની ઉજવણી કરવામાં આવી. આદરણીય પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય જી ના માર્ગદર્શન હેઠળ, મા સરસ્વતી વંદના પુષ્પ અર્પણ અને શ્લોક પઠન દ્વારા કરવામાં આવ્યું. અધ્યાપક તરીકે ફરજ બજાવતા વિવેક સાખી દ્વારા શ્લોક પઠન કરવામાં આવ્યું હતું.

આ અવસરે નિયામકશ્રીઓ, ટીચિંગ અને નોન-ટીચિંગ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એક્ષટેંશન વિભાગના હેડ ડૉ. કૃતિબેન છાયા અને ડૉ. નીતું કનારા દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં લાઇબ્રેરી વિભાગ દ્વારા વિશેષ સહયોગ આપવામાં આવ્યો હતો.

તારીખ: 05 ફેબ્રુઆરી 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી મા "नागरिक कर्तव्य एवं कुटुंब प्रबोधन" વિષય ઉપર ભવ્ય વ્યાખ્યાન યોજાયું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના 'ગાર્ગી' - મહિલા સર્વાગીણ વિકાસ કેન્દ્ર, એક્ષટેન્શન એકટીવીટી સેલ અને મહિલા ગતિવિધિ ભારતીય શિક્ષણ મંડળના સંયુક્ત ઉપક્રમે 'नागरिक कर्तव्य एवं कुटुंब प्रबोधन' વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ, જેમાં અધ્યક્ષ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયજી તેમજ મુખ્ય અતિથિ તરીકે શ્રી શાંતા અક્કાજી રાષ્ટ્ર સેવિકા સમિતિ પ્રમુખ હિન્દુ રાષ્ટ્રવાદી મહિલા સંગઠન,તેમજ મુખ્ય વક્તા તરીકે ડૉ. આરતીબહેન ઓઝા આંકડા અધિકારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ રહ્યા હતા.

આ તકે આ કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. આરતીબહેન ઓઝા એ જણાવ્યું હતું કે, દેશ અને સમાજના વિકાસ મમાટે નાગરિક કર્તવ્ય અને કુંટુંબ પ્રબોધન ખુબ જ જરૂરી છે તેથી રાષ્ટ્રના ભવ્ય નિર્માણ માટે આપણે સૌએ આપણી ભવ્ય સંસ્કૃતિના વારસને જાણવો ખૂબ જ જરૂરી છે. તેમણે આગળ જણાવ્યું કે, આજના આ કાર્યક્રમનો વિષય એ ભાષણનો વિષય નથી પરંતુ કર્તુત્વનો વિષય છે. આવા કાર્યક્રમો કે વ્યાખ્યાનો શા માટે યોજવા પડે છે તે વિશે અલગ અલગ ઉદાહરણો આપ્યા. આજની આ નવી પેઢી પર મોબાઇલ અને મીડિયાની નકારાત્મક અસર અને તેના ગંભીર પરિણામો પર ચર્ચા કરી અને ભવિષ્યની ચિંતા વ્યક્ત કરી હતી. એમણે "भारत को जानो, भारत के बनो और भारत को बनाए"ની વાત સાથે માનવતાવાદી દૃષ્ટિકોણ પર પ્રકાશ પાડ્યો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ રાષ્ટ્ર સેવિકા સમિતિ પ્રમુખ હિન્દુ રાષ્ટ્રવાદી મહિલા સંગઠનના શ્રી શાંતા અક્કાજીએ ગુજરાતના પનોત પુત્ર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરીને અંખડ ભારતની વાત કરી અને જણાવ્યું હતું કે, કોઇપણ રાષ્ટ્રનું નિર્માણ પરિવાર અને કુંટુબથી જ શક્ય બને છે તેથી જ સારા નાગરિક નિર્માણ રાષ્ટ્રને સારી રીતે ચલાવી શકે છે, તેથી કુંટુબ દ્વારા જ સારા નાગરિકનું નિર્માણ થઇ શકે છે. તેમણે કુટુંબના ત્રણ કર્તવ્ય સૃષ્ટિ, સંસ્કાર અને સમાજકાર્ય પર વિસ્તૃત ચર્ચા કરી. ભાવી નાગરિકો માટે કુટુંબના સારા સંસ્કારો દ્વારા સંતાનોનો ઉછેર થાય એ તેઓએ સ્વામી વિવેકાનંદજી, લોકમાન્ય તિલક જેવા મહાપુરુષોથી પરિચિત થાય તે જરૂરી છે તે વાત પર ભાર મુક્યો. તેઓએ મનુષ્યની જીવન સંપતિ એટલે કે, ભાષા, ભોજન, ભ્રમણ, ભવન અને ભૂષણ એનો કેવી રીતે ઉપયોગ કરવો તેમજ આપણી પ્રાકૃતિક, સંસ્કૃતિ આપણા કુંટુંબ અને સમાજના ઉપયોગમાં આવે ત્યારે જ સારા રાષ્ટ્રનું અને સારા નાગરિકનું નિર્માણ કરી શકાય છે,

આ તકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયજી એ જણાવ્યું હતું કે, કુંટુંબ પ્રબોધન સારી રીતે ના થઈ શકે ત્યા સુધી નાગરિક કર્તવ્ય સમજવું મુશ્કેલ છે તેઓ જણાવ્યું હતું, નવા સંબંધો થકી સારા રાષ્ટ્રનું નિર્માણ યોગ્ય રીતે કરી શકાય છે. સમાજના નાનામાં નાના માણસને પણ આપણે બાળ સંસ્કારો દ્વારા આપણે આપણા કુંટુંબમાં જોડી શકાય છે ત્યારે જ બાળક દ્વારા કુંટુંબમાં અને સમાજમાં પરિવર્તન લાવી શકાય છે અને એ આગળ જતાં ભારત અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે છે.

આ તકે ગુજરાત પ્રાંત મહિલા ગતિવિધિના પ્રમુખ શ્રી ગીતા તિવારી એ આભાર વિધિ કરી હતી. આ તકે શ્રીમતી સંધ્યા ટીપરેજી, યુનિવર્સિટીના કુલસચિવશ્રી, સર્વે નિયામકશ્રીઓ, ડૉ. પ્રિયાંકી વ્યાસ તેમજ તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. હીના રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

તારીખ: 16 માર્ચ 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સમર્થ અને સંવેદનશીલ કુલગુરુ માનનીય પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટીના ગાર્ગી મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર, એક્સટેન્શન એક્ટિવિટી અને સ્ટુડન્ટ ડેવલપમેન્ટ સેલના સંયુક્ત ઉપક્રમે 50મા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં મહિલા કર્મચારીઓ અને સફાઈ કર્મચારી બહેનો સૌએ સાથે મળી સાર્થક ઉજવણીના ભાગરૂપે પોતાના મનની વાત કોઈપણ જાતના સંકોચ વગર પ્રસ્તુત કરી.માનનીય કુલગુરુશ્રીએ મહિલાઓને જાગૃત રહીને સ્વપ્ન સાકાર કરવા પોતાની રોજિંદી જવાબદારીઓ સાથે સક્રિય રહેવા અનુરોધ કર્યો .કે, બધું કરો પણ તમારા સ્વપ્નને સાકાર કરવા પણ પ્રતિબધ્ધતા કેળવો. વધુમાં તેમણે નારી સન્માન અને મહિલા સુરક્ષા સંદર્ભે સરકારશ્રી દ્વારા લેવાતા પગલાંઓ અને સરકારશ્રીની પહેલો અંગે જાણકારી અને માર્ગદર્શન આપ્યું. મહિલાઓ સંકલ્પબદ્ધ થઈને યોગ્ય દિશામાં પ્રવૃત થાય એ બાબત આશા વ્યક્ત જારી હતી.

તારીખ 7 એપ્રિલ, 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી રકતદાન કરીને કરવામાં આવી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શનમાં સમાજસેવાના ઉત્કૃષ્ટ કાર્યો કરતી રહે છે. આજ રોજ વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે યુનિવર્સિટીના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા રકતદાન એજ મહાદાનના સૂત્રને સાર્થક કરતા સૌએ રકતદાન કર્યું હતું. આપણે ત્યાં કહેવાય છે કે આચરણ દ્વારા શીખવે તે આચાર્ય. આચાર્યનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા માનનીય કુલપતિશ્રીએ પણ રકતદાન કરી સમાજના દરેક વ્યક્તિને રકતદાન કરવા માટે પ્રેરિત કર્યા હતા. આ રકતદાન કેમ્પ યુનિવર્સિટીના એક્સ્ટેન્શન એક્ટિવિટી સેલ અને રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. કેમ્પમાં સૌ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું.

23, એપ્રિલ, 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શનમાં “વિશ્વ પુસ્તક અને કોપીરાઇટ દિવસ” નિમિત્તે વિવેકાનંદ લાઈબ્રેરી દ્વારા "પુસ્તક પરબ" નામનો વિશિષ્ટ કાર્યક્રમ 23 એપ્રિલ 2025ના રોજ સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વાંચનની ટેવ વિકસાવવી, પ્રકાશન ક્ષેત્રને પ્રોત્સાહન આપવું અને લેખકોના બૌદ્ધિક સંપત્તિ અધિકાર એટલે કે કોપીરાઈટની જાગૃતિ લાવવાનો છે. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિધાર્થીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. આ વિશિષ્ટ પરબ પર પુસ્તકોનું નિઃશુલ્ક આદાન-પ્રદાન થયું હતું અને આ કાર્યક્રમ ભવિષ્યમાં પણ નિયમિત રીતે આયોજિત કરવામાં આવશે જેથી વધુને વધુ પુસ્તકપ્રેમી લોકો તેનો લાભ લઈ શકશે.

તારીખઃ 1 મે, 2025

ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ.

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે શૈક્ષણિક,સાર્થક ઉજવણી થઈ. માનનીય કુલગુરુ શ્રી પ્રો.અમી ઉપાધ્યાયના પ્રેરક માર્ગદર્શન મુજબ થયેલ ઉજવણીના પ્રારંભે પહેલગામ - કાશ્મીર મુકામે આતંકી હુમલાનો ભોગ બનેલા દેશવાસીઓને અંજલિ આપવામાં આવી . સુરુચિપૂર્ણ સાદગીથી BAOU પરિવાર ના સર્વ સભ્યોએ ગૂજરાત રાજ્યના ગૌરવ અને અસ્મિતાને કેન્દ્રમાં રાખી રચાયેલી મહત્વની રચનાઓનું પઠન કર્યું. ડો.કૃતિ છાયાએ ગુજરાત રાજ્યની સ્થાપના વિશે ઉપયોગી માહિતી આપી હતી.

કાર્યક્રમ સંયોજક પ્રો યોગેન્દ્ર પારેખે 1 મે 1960ના રોજ પૂજ્ય રવિશંકર મહારાજે આપેલ ગુજરાત રાજ્યના ઉદઘાટન પ્રવચનનું પઠન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા.શ્યામ પટેલે તથા આભારવિધિ પ્રા. વિવેક સાખીએ કરી. ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતી પ્રસ્તુતિથી પ્રસન્નતા થઈ.

તારીખઃ 12 મે, 2025

અમદાવાદઃ સમગ્ર વિશ્વમાં વૈશાખ સુદ પૂનમના દિવસને બુદ્ધ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગાર્ગી સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અને એક્સ્ટેન્શન એક્ટિવિટી સેલ દ્વારા યુનિવર્સિટીના 'વંદના' પરિસરમાં બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ માનનીય કુલગુરુ શ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ તા. 12 મે, 2025ના રોજ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં માનનીય કુલગુરુ શ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, કુલસચિવશ્રી, યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકો અને સર્વે કર્મચારીઓ દ્વારા ભગવાન બુદ્ધની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. આ ઉજવણી દ્વારા યુનિવર્સિટી પરિવારે શાંતિ અને જ્ઞાનના સંદેશનું સ્મરણ કર્યું.

તારીખઃ 26 મે, 2025

BAOUએ તિરંગા યાત્રા થકી એક ભારતનો સંદેશ આપ્યો

અમદાવાદ, મે 26, સોમવાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પહેલગામમાં થયેલ આતંકી હુમલાના પ્રત્યુત્તર રૂપે થયેલા 'ઓપરેશન સિંદૂર'ની સફળતાની ઉજવણી તિરંગા યાત્રા અને સભાના સ્વરૂપે કરવામાં આવી હતી. 26 મે, સોમવારના રોજ યોજાયેલી આ તિરંગા યાત્રા યુનિવર્સિટીના કુલગુરુ ડૉ. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં યોજાઇ હતી. આ રેલીમાં યુનિવર્સિટીના પદાધિકારીઓ, પ્રોફેસર્સ અને વિવિધ સેન્ટર્સના નિયામકશ્રીઓ - વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ યાત્રામાં આ હીચકારી ભર્યા આતંકી હુમલામાં ભોગ બનેલાઓને શ્રદ્ધાંજલિ આપી હતી. તો સાથે જે મહિલાઓએ આ હુમલામાં પોતાનું સિંદૂર ગુમાવ્યું હતું તેમની સહાનુભૂતિ અને ન્યાય અર્થે ઓપરેશન સંદૂરને સન્માન આપવા મહિલાઓ નારાઓ સાથે આગેકૂચ કરી હતી.

આ યાત્રાને અંતે યુનિવર્સિટીના ગૌતમ હોલમાં ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાના અદમ્ય સાહસ અને શૌર્યને બિરદાવનારા રાષ્ટ્રભક્તિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેપ્ટન મીરા સિદ્ધાર્થ દવે, ભારતીય સેના અધિકારી (સેવા નિવૃત્ત) એ ઉપસ્થિત સર્વેને જણાવ્યું હતું કે આ હુમલો આતંકી હુમલો ન કહી શકાય, આ હુમલાને જેહાદ કહેવી જોઇએ. પાકિસ્તાનને તેના કર્મોનું ફળ મળ્યું છે. સિંદૂર સાતત્ય, માન્યતા અને વિશ્વાસનું પ્રતિક છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન પર ભારતીય સેનાએ તો જે પગલાં લેવાના હતા તે લીધા જ છે. હવે નાગરિક તરીકે આપણી પણ કેટલીક ફરજો આપણે અદા કરવાની રહે છે. આપણે સૌએ સોશિયલ મીડિયાનો પણ વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઇએ.

આ પ્રસંગે યુનિવર્સિટીના કુલગુરુ ડૉ. અમી ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દિવ્ય અને ભવ્ય ભારતનો પાયો છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જે પ્રકારે બે મહીલાઓ - કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંઘને ઓપરેશન સિંદૂરના બ્રીફિંગની જવાબદારી સોંપી હતી. તે દેશની નીતિ દર્શાવે છે. રક્તબીજનો નાશ કરવા માટે પણ દેવોએ ભેગા મળીને મહાકાળીની રચના કરી હતી. આજે આપણો દેશ વિશ્વની ચોથી સૌથી મોટી આર્થિક સત્તા બન્યો છે ત્યારે ઓપરેશન સિંદૂર ભારતનો એક સાંસ્કૃતિક જવાબ છે. આપણને સૌને આપણી સેના પર ખૂબ જ ગર્વ અને ગૌરવ હોવું જોઇએ. દેશની સુરક્ષા અને વિકાસ આપણા સૌની સામુહિક જવાબદારી છે.

આ કાર્યક્રમ યુનિવર્સિટીના એક્સટેન્શન એક્ટિવિટી સેલ દ્વારા યોજાયો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. નીતુબેન કનારાએ કર્યું હતું.

તારીખઃ 12 જૂન, 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં યોગ શિબિરનું આયોજન કરાયું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને આરોગ્ય ભારતી દ્વારા વિશ્વ યોગ દિવસના ઉપલક્ષ્યમાં સ્વાસ્થરક્ષા યોગ શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ શિબિર તા.12/06/2025 થી 21/06/2025 દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિસરમાં યોજાઇ છે. આ શિબિરમાં સવારે ૭ થી ૮ દરમિયાન યોગાભ્યાસ કરાવાય છે. તો સાથે ૮ થી ૯ દરમિયાન વ્યાખ્યાન અને જ્ઞાનસત્રનું આયોજન કરાયું છે. જેમાં વિવિધ વિષયના નિષ્ણાતો નીચેના વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપશે. આ પ્રસંગે પહેલા દિવસે ડૉ. દિનેશ પંડ્યા, ડાયરેક્ટર આયુષ મંત્રાલય, રિટાયર્ડ ડાયરેક્ટર, ગાંધીનગર ખાસ હાજર રહ્યા હતા. આ શિબિરમાં યોગાભ્યાસમાં રસ ધરાવનારા લોકો નિ:શુલ્ક ભાગ લઇ શકશે.

1) ગર્ભ સંસ્કાર

2) સુવર્ણ પ્રાશન

3) મંત્રયોગ - લયયોગ

4) આંખ - કાનના સુરક્ષાના ઉપચાર

5) ગાય ના દૂધ અને ઘી નું મહત્વ

6) મન - શાંતિના ઉપાયો

7) દિનચર્યા - ઋતુચર્યા

પરંપરાગત ભારતીય વિદ્યાઆઓ

9) યોગાભ્યાસ ચિકિત્સાની દ્રષ્ટિએ

10) ધ્યાન - પ્રાણાયામ

11) IVF ની માહિતી

12) હસ્તમુદ્રા અને તેનો ઉપયોગ

સ્થળ: જ્યોતિર્મય પરિસર

ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી પાસે, S G. હાઇવે,છારોડી.



તારીખ: 21 જૂન, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. કુલગુરુશ્રી પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ, તમામ ડાયરેક્ટર્સ, રજિસ્ટ્રાર તથા યુનિવર્સિટી પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી થઈ.

આ અવસરે, કુલગુરુએ તા. 12 જૂન, 2025થી 21 જૂન, 2025 દરમિયાન યોજાયેલા 'સ્વાસ્થ્ય રક્ષા યોગ શિબિર (યોગાભ્યાસ અને જ્ઞાન સત્ર)'ના સફળ આયોજનની પ્રશંસા કરી. સાથે જ, તેમણે યોગ શિબિરમાં ભાગ લેનાર તમામ સહભાગીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા.

'યોગ દ્વારા શરીર, મન અને આત્માનું સમતુલન સ્થાપિત થાય છે' – આ સંદેશને આત્મસાત કરતાં તમામ ઉપસ્થિત સભ્યોએ યોગાભ્યાસ કર્યો અને 'સ્વસ્થ જીવન માટે યોગ, શાંતિમય જીવન માટે યોગ!'ના મહત્ત્વને ઉજાગર કર્યું

તારીખ: 21 જૂન, 2025

વિજયના વાવેતર સાથે યોગનું પર્વ - 🌿11મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - 2025 🌿

સ્થળ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ તારીખ: 21 જૂન, 2025

આજના દિવ્ય યોગદિન પર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા "ઓપરેશન સિંદૂર" ની સફળતા અને વિજયની ઉજવણી કરાઈ.

વિશ્વવિદ્યાલય પરિસરમાં પ્રો. અમી ઉપાધ્યાય, કુલપતિશ્રીની આગેવાની હેઠળ, ડાયરેક્ટર્સ, રજીસ્ટ્રાર તથા સમગ્ર યુનિવર્સિટી પરિવારની હાજરીમાં સિંદૂરના છોડનું વાવેતર કરીને શાંતિ, સાહિત્ય અને સંસ્કૃતિના રંગને સ્મરણ કરાયું.

યોગના શાંતિપૂર્ણ સંદેશ અને સિંદૂરના પવિત્રતાના રૂપક રૂપે આ વાવેતર દ્વારા યુનિવર્સિટીએ નમ્રતા અને રાષ્ટ્રભક્તિના ભાવ વ્યક્ત કર્યા.

🕉️વિજયની ઉજવણી – વાવેતરથી સંસ્કૃતિ સુધી!

તારીખ: 10 જુલાઈ, 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં દર વર્ષની પરમ્પરા મુજબ ગુરુપૂર્ણિમાની ઉજવણી થઇ હતી. યુનિવર્સીટીના એક્સ્ટેન્શન વિભાગ તથા મૂવી ક્લબ દ્વારા આ કાર્યક્રમનું આયોજન થયું હતું. તેમાં યુનિવર્સિટીના શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓએ ગુરુ પ્રત્યે ભાવ અભિવ્યક્તિ કરી હતી તથા ગુરુ અને શિષ્યનો સંબંધ રજૂ કરતી મરાઠી મૂવી "કટયાર કાળજાત ઘુસાલી" નું સમગ્ર યુનિવર્સિટી પરિવારે સાથે યુનિવર્સીટીના ગૌતમ હોલમાં દર્શન કર્યું હતું.

તારીખ: 14 ઑગસ્ટ, 2025

મેરી શાન તિરંગા હૈ...

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ભવ્ય તિરંગાયાત્રા યોજાઈ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું પરિસર દેશભક્તિમય વાતાવરણથી ગૂંજી ઉઠ્યું.

ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ આ ભવ્ય તિરંગાયાત્રા યોજાઈ. યુનિવર્સિટીના પરિસર સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યૂ પાસેથી યુનિવર્સિટી વિસ્તારમાં તિરંગાયાત્રા યોજાઈ હતી. જેમાં 'વંદે માતરમ્' અને 'ભારત માતા કી જય'ના નારાથી સંપૂર્ણ વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. ''હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા, સ્વતંત્રતાનો ઉત્સવ, સ્વચ્છતા સાથે'ની થીમ પર યોજાયેલી આ તિરંગાયાત્રામાં સમગ્ર યુનિવર્સિટી પરિવારનાં કર્મચારીઓ જોડાયાં હતાં.

તારીખ: 14 ઑગસ્ટ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના એક્સ્ટેન્શન એક્ટિવિટી વિભાગ દ્વારા "હર ઘર તિરંગા" અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી દ્વારા દત્તક લેવાયેલા ગામ દંતાલી (તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગર) ખાતે તિરંગા યાત્રાનું આયોજન થયું.

તિરંગા યાત્રામાં યુનિવર્સિટીના વિદ્યાર્થી સહાય કેન્દ્ર શિવાશ્રમ નેચર ક્યોર સેન્ટરના ડૉ. જીતુભાઈ પંચાલ, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, દંતાલી પ્રાથમિક શાળાનાં બાળકો તેમજ ભૂતપૂર્વ સરપંચ પસીબેન ઠાકોર પણ ઉત્સાહથી જોડાયાં હતાં. આ તિરંગાયાત્રામાં સૌ ગ્રામજનોને તેમના ઘર, દુકાનો અને વ્યાવસાયિક સ્થળોએ ફરકાવવા માટે રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના અશોકભાઈ રાઠોડ, ડૉ. પ્રવીણ રાઠોડ, ડૉ. ઈશાની પટેલ, ડૉ. નીતુ કનારા તેમજ ડૉ. કૃતિ છાયાની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

તારીખ: 14 ઑગસ્ટ, 2025

તા. 14/08/2025 ના રોજ વિવેકાનંદ લાઇબ્રેરી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા માનનીય કુલગુરુશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત "પુસ્તકના પાનાંઓમાં સ્વતંત્રતાની સુગંધ : સ્વાતંત્ર્ય સેનાની પુસ્તક પ્રદર્શન"

કરવામાં આવ્યું હતું. જેમાં સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવનચરિત્રો, ભારતના સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસ, રાષ્ટ્રીય નેતાઓના વિચારો તથા દેશભક્તિ સંબંધિત સાહિત્યનો વિશેષ સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવ્યો. તેમજ મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવનપ્રસંગો અને વિચારધારાઓને રજૂ કરતા પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા. યુનિવર્સિટીનાં અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા ગ્રંથાલયનાં અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ એ જેહમત ઉઠાવી હતી.

તારીખ: 15 ઑગસ્ટ, 2025

ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી મા 79 સ્વતંત્રતાપર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

આજે ભારતના ૭૯મા સ્વતંત્રતાપર્વનો આનંદ ઉત્સાહભેર દેશભરમાં પ્રસરી રહ્યો છે... એ આનંદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના પરિસરે પણ ઉત્સાહ સાથે સ્વદેશાભિમાનનો સૂર પૂર્યો હતો. યુનિવર્સિટીના માનનીય કુલગુરુ પ્રો. અમીબેન ઉપાધ્યાયજીના પ્રેરક માર્ગદર્શન સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિસરમાં ધ્વજવંદન કરી ૭૯મા સ્વતંત્રતાપર્વની ઉજવણી કરવામાં આવી હતી.

આ તકે સૌપ્રથમ યુનિવર્સિટી-પરિવારના તમામ સભ્યોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યૂને પુષ્પાંજલિ અર્પણ કરીને ધન્યતાની લાગણી અનુભવી હતી. ત્યારબાદ માનનીય કુલગુરુ મહોદયાના હસ્તે ધ્વજવંદના થઈ અને ઉપસ્થિત સહુ રાષ્ટ્રગાનની ધૂનમાં એકરૂપ બન્યા.

રાષ્ટ્રગાન બાદ યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા રાષ્ટ્રગૌરવ સંબંધિત પ્રસ્તુતિ કરવામાં આવી. પ્રો. યોગેન્દ્ર પારેખે મહર્ષિ શ્રી અરવિંદ અને મહાદેવભાઈ દેસાઈને યાદ કરી રાષ્ટ્રને સમર્પિત રહેવા સૂચન કર્યું. પ્રો. નિલેશ મોદીએ યુનિવર્સિટીની સિદ્ધિઓ અંગે વિસ્તૃત માહિતી આપી. કુલ સચિવ શ્રી અજયસિંહ જાડેજાએ આઝાદીથી આજ સુધીનાં યુદ્ધમાં શહીદ થયેલા ભારતમાતાના વીર સપૂતોને ગૌરવ સાથે યાદ કર્યા. ત્યારબાદ કુલગુરુ મહોદયા પ્રો. અમીબેન ઉપાધ્યાયજીએ ભારત દેશને વધુ ઉન્નત બનાવવા દેશના દરેક નાગરિક સ્વકર્મને સમજી ખિસકોલી જેવું નાનું ભલે હોય પણ દેશનો વિકાસ થાય એવા કાર્યમાં સતત રત્ત રહે એમ જણાવી સૌને પ્રત્યેક દિવસે રાષ્ટ્રપ્રતિ સમર્પિત રહેવા આહ્વાન કર્યું હતું. પૂર્ણ વંદે માતરમના ગાન અને ભારત માતા કી જયના ઘોષનાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું. કાર્યક્રમનું સંચાલન ગાયત્રી ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમાપનના અંતે સૌએ અલ્પાહાર ગ્રહણ કર્યો હતો.

તારીખ: 21 ઑગસ્ટ, 2025

ઓપન ડિસ્ટન્સ એજ્યુકેશન પદ્ધતિ શિક્ષણ માટે સમય અને સ્થળની સાથે વયનાં બંધનોને પણ દૂર કરે છે. NEP 2020 આ જ સાર તત્વ સાથે કામ કરે છે અને લાઈફ લોંગ લર્નિંગને મહત્વ આપે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના લાઈફ લોંગ લર્નિંગ અને એક્સ્ટેન્શન એક્ટીવીટી વિભાગ દ્વારા "સિનિયર સિટીઝન દિવસ", 21 ઓગસ્ટની પૂર્વ સંધ્યાએ Senior Citizen Life Long Learning Club નો આજે તારીખ 20 ઓગસ્ટની સાંજે શુભારંભ કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં લાઈફ લોંગ લર્નિંગનાં ઉદાહરણરૂપ યુનિવર્સીટીનાં વરિષ્ઠ વયસ્ક વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. યુનિવર્સિટીનાં કુલપતિ પ્રોફેસર ડો. અમી ઉપાધ્યાય દ્વારા યુનિવર્સિટીની શિક્ષણ પદ્ધતિનો પરિચય આપીને સતત શીખતાં રહેવાની તક મળે છે તે વાત રજૂ કરી હતી.

સિનિયર સિટીઝન કલબના આરંભ પ્રસંગે રાજીવ વ્યાસનાં ઓરકેસ્ટ્રાએ સિનિયર સિટીઝન્સની સાંજ જૂનાં હિન્દી ફિલ્મ ગીતોથી યાદગાર બનાવી હતી.. કાર્યક્રમમાં હીરામણી સિનિયર લીવીંગ ઉપરાંત છારોડી વિસ્તારના રહેવાસીઓ ઉત્સાહથી જોડાયા હતા.

સંગીત સંધ્યાનું સંચાલન શ્રી હરદ્વાર ગોસ્વામીએ તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નિગમ પંડ્યાએ કર્યું હતું. આભાર વિધિ ડૉ. નીતુ કનારા દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. કૃતિ છાયાને સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસીયલ સાયન્સીસના તમામ અધ્યાપકો તેમજ વહીવટ વિભાગનો સહયોગ મળ્યો હતો

તારીખ: 04 સપ્ટેમ્બર, 2025

પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની સ્મૃતિમાં, તેમના જન્મ દિવસની પૂર્વસંધ્યાએ તારીખ 4-9-2025નાં રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, એક્સ્ટેન્શન એક્ટીવીટી વિભાગ દ્વારા "ડિસ્ટન્સ એજ્યુકેશનમાં શિક્ષક" વિષય આધારિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બદલાતાં સામાજિક સમીકરણો, શિક્ષણ માધ્યમ જેવા વિષય ઉપર પ્રોફેસર ડૉ. અજીતસિંહ રાણા, પ્રોફેસર ડૉ. નીલેશ મોદી, ડૉ. સંજય પટેલ, ડૉ. કૃતિ છાયા વગેરેએ તેમના વિચારો રજૂ કર્યા હતા. પ્રો. ડૉ. નીલેશ મોદીએ ડિસ્ટન્સ લર્નિંગ, ઓપન લર્નિંગ, ઓપન ડિસ્ટન્સ ડીજીટલ લર્નિંગ ક્ષેત્રે શિક્ષકોએ ફ્યુચર રેડી રહેવાની જરૂરીયાત વ્યક્ત કરી હતી તો પ્રો. ડૉ. અજીતસિંહ રાણા દ્વારા

ટેકનોલોજીકલ વિકાસ સાથે નૈતિકતા અને સામાજિક ધોરણોનું મહત્વ જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. નીતૂ કનારા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યુનિવર્સિટીના તમામ શિક્ષકો જોડાયા હતા.

તારીખ: 23 સપ્ટેમ્બર, 2025

આંતરરાષ્ટ્રીય પરિસંવાદ અને ગુજરાતની સંસ્કૃતિ

ઇન્ડિયા ફાઉન્ડેશન અને ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તા. 18 થી 20 સપ્ટેમ્બર દરમિયાન "ધર્મ - ધમ્મ" થીમ આધારિત ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદનો પ્રારંભ અમદાવાદના જ્યોતિર્મય પરિસરમાં થયો.

વિશ્વના અનેક દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો અને યુનિવર્સિટીની મુલાકાત લીધી. ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિથી પરિચિત કરાવવા ખાસ ગરબા મહોત્સવનું આયોજન થયું, જ્યાં વિદેશી મહેમાનો પણ આનંદથી રાસમાં જોડાયા.

આ પળોએ સંગીત અને સંસ્કૃતિની ઝળહળતી જ્યોત સાથે વાતાવરણને આનંદમય અને ભક્તિમય બનાવી દીધું.

તારીખ: 30 સપ્ટેમ્બર, 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં યુનિવર્સીટીના એક્સ્ટેન્શન વિભાગ દ્વારા 17 સપ્ટેમ્બર થી 2 ઓક્ટોમ્બર સ્વરછતા હી સેવા હેઠળ **एक दिन ,एक घंटा ,एक साथ**, કાર્યક્રમનું આયોજન અર્થે દત્તક લીધેલા છારોડી ગામ ખાતે છારોળી ગામના તળાવ પાસે સફાઈ અભિયાન હેઠળ સફાઈ કરવામાં આવી હતી.. કાર્યક્રમનું આયોજન આદરણીય અમી મેડમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં એક્સ્ટેન્શન વિભાગના હેડ ડૉ કૃતિ બેન છાયા, ડૉ નીતુ કનારા દ્વારા આયોજન કરવામાં આવ્યું તેમજ અલગ અલગ વિભાગમાંથી અધ્યાપક જોડાયેલા .. ક્રમઅનુસાર ઈશાની બેન, વિકાસ ભાઈ, શિવમ ભાઈ, ચૈતાલી બેન, રોશની બેન , યોગીતા બેન ભાવિક સોમૈયાજી તેમજ સફાઈ કર્મચારી ભાઈઓ અને બહેનો પણ જોડાયા હતા.

તારીખ: 02/10/2025

યુનિવર્સિટીના એક્સ્ટેન્શન એક્ટીવીટી સેલ તથા સમાજકાર્ય વિભાગ દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત "સ્વચ્છોત્સવ"નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં યુનિવર્સિટીના સફાઈ કર્મચારીઓનું તેમની કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

સાથે આગામી સમયમાં પણ તેઓ સફાઈની જે મહત્વની કામગીરી કરી રહ્યા છે તે જવાબદારી સમજીને આગળ પણ કરતા રહે તેવી વાત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાય મેડમની પણ ઉપસ્થિતિ હતી. કાર્યક્રમમાં યુનિવર્સિટીની જુદીજુદી સ્કૂલના નિયામકશ્રીઓ તથા એકેડમિક ડાયરેક્ટરશ્રી જોડાયા હતા.

11/10/2025

તા. 7 થી 15 ઓક્ટોબર દરમ્યાન સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલ વિકાસ સપ્તાહ અન્વયે આદરણીય કુલગુરુ શ્રી પ્રો. ડો. અમી ઉપાધ્યાય ના માર્ગદર્શન હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાં તારીખ 9-10 -2025ના રોજ વિદ્યાર્થીઓ માટે કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં યુનિવર્સિટીના સમગ્ર ગુજરાતના પ્રાદેશિક કેન્દ્રો તેમજ લર્નર સપોર્ટ સેન્ટર ઉપરથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કાવ્ય પઠન સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાને પ્રમાણપત્રથી પ્રોત્સાહિત કરવામાં આવશે.

સ્પર્ધાનું સંચાલન એક્સ્ટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં સંચાલન ડો. નીતુ કનારા તેમજ આયોજન ડો. કૃતિ છાયા દ્વારા કરવામાં આવેલ, તેમાં યુનિવર્સિટીના અધ્યાપકો તથા પ્રાદેશિક કેન્દ્રના શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓનો સહયોગ મળ્યો હતો.

30/10/2025

Central Vigilance Commission (CVC) દ્વારા દર વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતી જે અઠવાડિયામાં આવતી હોય તે અઠવાડિયાને “Vigilance Awareness Week” તરીકે મનાવવામાં આવે છે. આ વર્ષે પણ તા-27/10/2025 થી 02/11/2025 ના અઠવાડિયાને “Vigilance Awareness Week” તરીકે મનાવવામાં આવી રહ્યું છે. ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના માન. કુલપતિશ્રી ડૉ.(પ્રો.) અમીબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ તા-27/10/2025 થી 02/11/2025 ના અઠવાડિયાને ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ ખાતે “Vigilance Awareness Week” મનાવવામાં આવ્યું.

જેની Theme –“ Vigilance Our Shared Responsibility” છે જેના ભાગરૂપે યુનિવર્સીટીના તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ ભ્રષ્ટાચાર નાબૂદ કરવા અંગે Pledge(પ્રતિજ્ઞા) લીધેલ. ત્યારબાદ, રંગોળીનું પ્રદર્શન રાખેલ અને આ આકર્ષક રંગોળી ગાયત્રી ગોહિલ, મૈત્રી ત્રિવેદી, ડૉ. નીતુ કનારા અને માલતી વ્યાસ દ્વારા બનાવેલ હતી. આંબેડકરજીની પ્રતિમાને પુષ્પહાર કરી ભ્રષ્ટાચાર મુક્ત ભારત, સરદારભાઈ પટેલ અમર રહોના નારા સાથે એકતા રેલીનું આયોજન કરેલ. સદર કાર્યક્રમનું આયોજન VIGILANCE AWARENESS WEEK ના Nodal Officer મૈત્રી ત્રિવેદી અને Extention Activity Cell ના Assictant Co-Ordinator ડૉ. નીતુ કનારા દ્વારા કરવામાં આવ્યું હતું.

04/11/2025

Central Vigilance Commission (CVC) દ્વારા દર વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતી જે અઠવાડિયામાં આવતી હોય તે અઠવાડિયાને “Vigilance Awareness Week” તરીકે મનાવવામાં આવે છે. આ વર્ષે પણ તા-27/10/2025 થી 02/11/2025 ના અઠવાડિયાને “Vigilance Awareness Week” તરીકે મનાવવામાં આવી રહ્યું છે. ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના માન. કુલપતિશ્રી ડૉ.(પ્રો.) અમીબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ તા-27/10/2025 થી 02/11/2025 ના અઠવાડિયાને ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ ખાતે “Vigilance Awareness Week” મનાવવામાં આવ્યું. આ અંગે
"ભ્રષ્ટાચાર મુક્ત ભારત" અંગે online પ્રતિજ્ઞા(PLEDGE) યુનિવર્સીટી પરિવાર દ્વારા લેવામાં આવેલ તદઉપરાંત સામૂહિક પ્રતિજ્ઞા(PLEDGE) VIGILANCE AWARENESS WEEK ના Nodal Officer મૈત્રી ત્રિવેદી દ્વારા લેવડાવવામાં આવેલ.
સદર કાર્યક્રમનું આયોજન VIGILANCE AWARENESS WEEK ના Nodal Officer મૈત્રી ત્રિવેદી અને Extension Activity Cell ના Assistant Coordinator ડૉ. નીતુ કનારા દ્વારા કરવામાં આવ્યું હતું.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે તારીખ.30/10/2025 ના રોજ સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે યુનિવર્સિટીના માનનીય કુલગુરુ પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અને પ્રેરણાથી વિવેકાનંદ લાઇબ્રેરી ખાતે સ્વતંત્ર ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં સરદાર પટેલના જીવન, વિચારો, નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણ માં તેમના અવિસ્મરણીય યોગદાનને ઉજાગર કરતાં પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના બોર્ડ ઓફ

મેનેજમેન્ટના સભ્યશ્રી યતિનભાઈ પટેલ, નિયામકશ્રી (નોલેજ રિસોર્સ સેન્ટર) ડૉ.મહેશપ્રસાદ ત્રિવેદીનો સહકાર પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં નિયામકશ્રીઓ/અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ ગ્રંથાલયનાં ઇન્ચાર્જ ગ્રંથપાલ ડૉ. નિશા જોષી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા ગ્રંથાલયનાં અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ એ જેહમત ઉઠાવી હતી.

7 નવેમ્બર, 2025

"વંદે માતરમ" રાષ્ટ્રગીતને તારીખ 7 નવેમ્બર, 2025ના રોજ 150 વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તમામ શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓ દ્વારા ગૌતમ સભાગૃહમાં વંદે માતરમ નું સમૂહગાન કરવામાં આવ્યું હતું તથા "સ્વદેશી" વસ્તુઓના ઉપયોગ માટે શપથ લેવામાં આવ્યા હતા.

કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે તેમના ઉદબોધનમાં માનનીય વડાપ્રધાન શ્રી મોદીના મન કી બાત પ્રોગ્રામનો ઉલ્લેખ કરીને સ્વદેશીનું મહત્વ અને પ્રસ્તુતતા સમજાવી હતી.

12/11/2025

ભગવાન બિરસા મુંડાજીની 150મી જન્મ જયંતિ નિમિતે "જન-જાતીય ગૌરવ વર્ષ" મહોત્સવ

ભગવાન બિરસા મુંડાજીના પુસ્તક પ્રદર્શન"

ભગવાન બિરસા મુંડાજીની જન્મ જયંતિ નિમિત્તે “જન-જાતિય ગૌરવ વર્ષ” નિમિત્તે પુસ્તક- પ્રદર્શન

ભારત સરકાર દ્વારા દર વર્ષે 15 નવેમ્બરનાં દિવસે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ "જન-જાતિય ગૌરવ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ અવસરે ભારતીય આદિવાસી સમુદાયના યોગદાન, સંસ્કૃતિ અને વારસાને ઉજાગર કરવા માટે “જન-જાતિય ગૌરવ વર્ષ” તરીકે તા. 01/11/2025 થી 15/11/2025 દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે તા.12/11/2025 ના રોજ યુનિવર્સિટીના માનનીય કુલગુરુ પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અને પ્રેરણાથી વિવેકાનંદ લાઇબ્રેરી ખાતે આદિવાસી મહાનાયકો, તેમની સંસ્કૃતિ, લોકજીવન અને ઇતિહાસને પ્રતિબિંબિત કરતી પુસ્તકોનું વિશેષ પુસ્તક-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયામકશ્રી (નોલેજ રિસોર્સ સેન્ટર) ડૉ.મહેશપ્રસાદ ત્રિવેદીનો સહકાર પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં નિયામકશ્રીઓ/અધિકારીશ્રીઓ/કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ ગ્રંથાલયનાં ઇન્ચાર્જ ગ્રંથપાલ ડૉ. નિશા જોષી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા ગ્રંથાલયનાં અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ એ જેહમત ઉઠાવી હતી.

17/11/2025

17/11/2025ના રોજ સવારે 9.00 કલાકે બોપલ વકીલ સાહેબ બ્રિજ થી ઉમિયા મંદિર બોપલ સુધી રેલીના આયોજન સરદાર @150 કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલ કાર્યક્રમમાં આદરણીય પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય મેડમના માર્ગદર્શન હેઠળ એક્સ્ટેન્શન વિભાગ દ્વારા ડૉ. કૃતિ બેન છાયાના સહયોગ અને ક્રમ અનુસાર ડૉ. નીતુ કનારા, ડૉ પુનીત થાનકી, ડૉ પ્રવીણ રાઠોડના પ્રતિનિધિત્વમાં બહોળી સંખ્યામાં જોડાઈ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિવારે ઉત્સાહ બતાવ્યો...

18/11/2025

નશામુક્તિ અભિયાન અંતર્ગત સરકારશ્રી દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવા અંગેનો પરિપત્ર મળેલ હતો. તે સંદર્ભે 'નશામુક્ત ભારત' શીર્ષક હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ ઇન-હાઉસ સફાઈ કર્મચારીઓ માટે શોર્ટ ફિલ્મ નિહાળવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આદરણીય ડૉ. પ્રો. અમી મેડમના માર્ગદર્શનમાં અને એક્સ્ટેન્શન વિભાગના હેડ ડૉ. કૃતિબેન છાયા અને ડૉ. નીતુબેન કનારા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. કૃતિબેન છાયા દ્વારા 'નશામુક્ત ભારત' વિશે વક્તવ્ય આપવામાં આવ્યું હતું તેમજ સફાઈ કામદારોને વ્યસનમુક્તિ અભિયાનની શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી હતી.

19/11/2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલગુરુ માનનીય પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ, અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ-2025 અન્વયે તા. 19/11/2025ના રોજ યુનિવર્સિટીના અધિકારીશ્રી ડૉ. કૃતિ છાયા, ડૉ. દીપ્તિબા ગોહિલ, ડૉ. નિગમ પંડ્યા, ડૉ. ધવલ પંડ્યા, ડૉ. ભાગ્યશ્રી રાજપૂત, ડૉ. નીતુ કનારા, ડૉ. રાખી જૈન, ડૉ. બિજલ રાવલ, ડૉ. આદિત્ય જોશી, સુશ્રી દિવ્યાબેન દરજી, સુશ્રી હેતલબેન જોશી, સુશ્રી ગાયત્રી ગોહીલ, શ્રી શ્યામભાઈ પટેલ, શ્રી શુભમભાઈ તિવારીએ મુલાકાત લીધી તથા વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવા પુસ્તકોની પસંદગી કરી યાદી તૈયાર કરી.

26/11/2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે આજે બંધારણ દિવસ નિમિત્તે બંધારણના આમુખનું સામૂહિક પઠન કરવામાં આવ્યું. આ પ્રસંગે માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાય, કુલસચિવશ્રી, યુનિવર્સિટીની વિવિધ સ્કૂલોના નિયામકશ્રીઓ, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓની સક્રિય હાજરી રહી.

પ્રો. અમી ઉપાધ્યાયે માત્ર આમુખનું પઠન જ નહીં, પરંતુ બંધારણના સિદ્ધાંતોને જીવનમાં અમલમાં મૂકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને લોકશાહી મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

ચાલો, આપણે સૌ બંધારણના મૂલ્યોને આત્મસાત કરી સમાનતા, ન્યાય અને સ્વતંત્રતાપૂર્ણ સમાજના નિર્માણમાં યોગદાન આપીએ.

06/12/2025

સ્વદેશોત્સવ-2025 કાર્યક્રમનું આયોજન સ્વર્ણિમ ભારતવર્ષ ફાઉન્ડેશન, સ્વદેશી જાગરણ મંચ દ્વારા GMDC ગ્રાઉન્ડ ખાતે તા. 5 થી 9 ડિસેમ્બર, 2025 દરમિયાન કરવામાં આવેલ છે જેનું ઉદ્ઘાટન માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ દ્વારા કરવામાં આવેલ. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના નવા સ્ટાર્ટઅપ, ઇનોવેશન પ્રોજેક્ટ અને ઉદ્યોગ આધારિત પ્રવૃતિઓને રાષ્ટ્રીય સ્તરે રજૂ કરવાના હેતુથી સ્ટોલ રાખવામાં આવેલ છે. જે અંતર્ગત કાર્યક્રમના પ્રથમ દિવસે માનનીય કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટીના સ્ટોલની સાથે અન્ય વિવિધ સ્ટોલની મુલાકાત લેવામાં આવેલ. કાર્યક્રમના પ્રથમ દિવસે બહોળી સંખ્યામાં મુલાકાતીઓએ સ્ટોલની મુલાકાત લઇ યુનિવર્સિટીના Student Startup and Innovation Policy (SSIP) 2.0 અંતર્ગતના હેતુઓ, નાણાકીય સહાય, ગુજરાત સરકારની સ્ટાર્ટઅપ અને ઇનોવેશનને લગતી વિવિધ યોજનાઓ માટેની સહાય વિશે માહિતી મેળવેલ, ઉપરાંત યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો, પ્રકલ્પો અને SSIP 2.0 ની માહિતી મેળવેલ. યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફ, ટેકનીકલ અને સ્ટુડિયો ટીમે સાથે મળીને સ્ટોલના આયોજનને સફળ બનાવવા માટે પ્રયત્ન કરેલ.

BAOU
Dr. Babasaheb Ambedkar
Open University

સુદરતી સંસાધન અને વ્યવસ્થાપન સેલ
આપનું હાર્દિક સ્વાગત કરે છે.
આત્ર અનુસંધાન કેન્દ્ર

Open University
& Project 2025-26

સ